CRMA NO. 104/2026

**ફો.કેસ નં.૧૯૫૧/૨૦૨૩**

**રાજુલા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૬૦૩૫૫/૨૦૨૬ આઈ.પી.સી.કલમ–૩૭૯ મુજબના કામના આરોપી (૧) મેહુલ ઉર્ફે ''દુડી'' મથુરભાઈ વાઘેલા રહે. લોઠપુર તા. જાફરાબાદ જિ.અમરેલી હાલ રહે. રાજુલા, મફતપરા તા. રાજુલા જિ.અમરેલી વાળાઓની જામીન અરજી લગત હુકમ:–**

---

(૧) અરજી વંચાણે લીધી, સાંભળ્યા તથા કેસનુ રેકર્ડ ધ્યાને લીધુ. હાલની અરજી આરોપી તર્ફે તેઓને જામીન મુકત કરવાની દાદ માંગતી રજુ કરવામા આવેલ છે. હાલનો કેસ દાખલ થયા બાદ આરપીને બજવણી થયા બાદ આરોપી નામ.કોર્ટમા હાજર ન રહેતા આરોપી વિરૂધ્ધ પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામા આવેલ જે વોરંટની બજવણી થતા આરોપીની ધરપકડ કરી આ અદાલતમા રજુ કરતા હાલના આરોપી જયુડીશ્યિલ કસ્ટર્ડીમા છે. હાલની અરજી અન્વયે આરોપીના વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપી હવે પછીથી નિયમીત નામ.કોર્ટમાં હાજર રહેવાની ખાતરી આપે છે. આરોપી પોતાના પરિવારમા એક માત્ર કમાવનાર સભ્ય છે. આરોપી આ અદાલતની સ્થાનિક હકુમતના રહીશ છે જેથી તેની હાજરી સહેલાઈથી સુનિશ્ચીત કરી શકાય તેમ છે જેથી આરોપીને જામીન મુકત કરવા જોઈએ.

(૨) વિ.એ.પી.પી.શ્રી ની રજુઆત છે કે જો આરોપીને જામીન મુકત કરવામા આવશે તો ફરીથી હાજર રહેશે નહીં જેથી હાલની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

(૩) ઉપરોકત રજુઆતો ગંભીરતા પુર્વક ધ્યાને લીધી તથા કેસનુ રેકર્ડ ધ્યાને લીધુ. આ કામે રેકર્ડ ધ્યાને લેતા આરોપી નામ. કોર્ટમાં નિયમીત હાજર ન રહેતા આરોપી વિરૂધ્ધ પકડ વોરંટ કાઢવાનો હુકમ થયેલ છે જે વોરંટની બજવણી થતા આરોપીની ધરપકડ કરી આ કોર્ટમા હાજર કરવામા આવેલ છે. આ કામે આરોપીને તેની વિરૂધ્ધની દોષસિધ્ધી પુરવાર થાય તે અગાઉ કાચા કામે કેદમા રાખવા ન પડે તે હેતુથી આરોપીને નિયમીત હાજર રહેવાની વધુ એક છેલ્લી તક આપવાના ઈરાદે ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરું છુ.

CRMA NO. 104/2026

**-:: હુકમ ::-**

આરોપીની જામીન અરજી મંજુર કરવામા આવે છે આરોપીએ રૂ.૫૦,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી આરોપીને નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

**શરતો:-**

(૧) આરોપીએ હવે પછીથી નિયમીત નામ. કોર્ટમા હાજર રહેવુ.

(૨) આરોપીએ પોતાના હાલના તથા કાયમી રહેઠાણનુ સરનામુ આ અદાલતમા જાહેર કરવુ અને અદાલતની પુર્વ પરવાનગી વીના તેમા કોઈ ફેરફાર કરવો નહી.

હુકમ આજરોજ તા**: ૦૬ મી** માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

મુ. રાજુલા
તા.૦૬/૦૬/૨૦૨૬

**(રાકેશકુમાર વસંતલાલ સોની)**
એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
રાજુલા